| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ |
| રજીસ્ટર લીધા તારીખ | ૩૧/૧૨/૨૦૨૫ |
| ફેસલ થયા તારીખ | ૦૫/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૪ ૦૫ |

**મે. વિસનગરના એડિશનલ સિનીયર સવિલ જજશ્રી સાહેબશ્રીની કોર્ટ,**
**મુ. વિસનગર**

**સિવિલ પરચુરણ અરજ નંબર : ૪૯/૨૦૨૫**

**આંક–**

| | | |
|---|---|---|
| **અરજદારો** | : | (૧) પટેલ મુકેશભાઇ સોમાભાઇ,<br>ઉ.વ.આ.૫૭, ધંધો–વેપાર,<br>રહે. બ્રાહ્મણ ફળિયુ, મુણસદ, સિસોદ્રા, નવસારી.<br>(૨) પટેલ સીતાબેન સોમાભાઇ,<br>ઉ.વ.આ.૭૯, ધંધો–ઘરકામ,<br>રહે. સરદાર ચોક, મુ. કાંસા, વિસનગર<br>(૩) પટેલ ચંપાબેન રમણલાલ તે સોમાભાઇ પટેલની દીકરી<br>ઉ.વ.આ.૫૯, ધંધો–ઘરકામ,<br>રહે. ૧૧, સડક ફળિયા, પારડી, સરપોર, પારડી, નવસારી–૩૯૬૪૩૩<br>(૪) પટેલ લીલાવતી રણછોડભાઇ તે સોમાભાઇ પટેલની દીકરી<br>ઉ.વ.આ.૫૨, ધંધો–ઘરકામ,<br>રહે. બી–૪૦૪, ન્યુ પિન્ક સિટી એપાર્ટમેન્ટ, ઉધના કેનાલ પાસે, ખાતોધારા, ઉધના, સુરત–૩૯૪૨૧૦ |
| | | **વિ રૂ દ્ધ** |
| **સામાવાળા** | : | કોઈ નહી |

( ડૉ. ગંગા દત્ત શર્મા )
એડીશનલ સીનીયર સિવીલ જજ, વિસનગર

| | | |
|---|---|---|
| <u>બાબત</u> | : | **ધ ઈન્ડીયન સકસેશન એકટ ૧૯૨૫ ની કલમ –૩૭૨ મુજબ સકસેશન સર્ટીફીકેટ મેળવવા બાબત....** |

અરજદારો........તરફે : વિ. વકીલ શ્રી વિ.એ.પરીખ
સામાવાળા.......તરફે :

◄॥ <u>ઠરાવ</u> ॥►

(૧).. અરજદારના કેસની હકીકત એવી છે કે, (૧) અરજદારોના પિતાશ્રી / પતિ મૈયત સોમાભાઈ શંકરદાસ તા. ૦૬–૦૭–૨૦૦૩ ના રોજ મરણ ગયેલ છે. તેમના વારસોમાં ઉપરોક્ત ચાર અરજદારો કાયદેસરના વારસો છે. જેઓનો મરણનો દાખલો આ સાથે સામેલ છે.

અરજદારોના મૈયત પિતા/ પતિનું કાયદેસરનું પેઢીનામું નીચે પ્રમાણે છે.

**મૈયત સોમાભાઇ શંકરદાસ પટેલ તા.૦૬–૦૭–૨૦૦૩**

| પત્ની | પુત્રી | પુત્ર | પુત્રી |
|---|---|---|---|
| સીતાબેન | ચંપાબેન | મુકેશકુમાર | લાવતીબેન |

(૨) અરજદારોના મૈયત માતા–પિતાના નામે જુદીજુદી કંપનીઓના શેર સર્ટીફીકેટ આવેલ છે પરંતુ તેઓ ઉપર જણાવ્યા પ્રમાણેની તારીખે મરણ ગયેલ છે. જેઓના કાયદેસરના વારસદારો અરજદારો થાય છે અને અરજદારોના પિતાશ્રી /પતિ મૈયત સોમાભાઈ શંકરદાસના નામે શેર સર્ટીફીકેટ આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| COMPANY NAME | FOLIO NO. | CERTIFICATE NO. | DISTINCTIVE NO. | NO OF SHARE |
|---|---|---|---|---|
| CEAT LTD. | ZVS0003064 | 29590 | 4002973-4002975 | 247 |

અરજદાર નં. ૧ ના નામે કરવા માટે વારસાઈ સર્ટીફીકેટની જરૂર હોઈ તેમજ અરજદારો તેમના કાયદેસરના વારસદાર છે આમ મૈયત પટેલ સોમાભાઈ શંકરદાસના નામે આવેલ શેર સર્ટીફીકેટમાં અરજદાર નં. ૧ સાથે તેમના મૈયત પિતાનું નામ દર્શાવેલ છે. જેમાંથી તેમના પિતાનું નામ ડીલીટ કરી અરજદાર નં. ૧ ના નામે કરી આપવા મે. કરશોજી. તેમજ અરજદાર નં. ૨, ૩ અને ૪ ને તેમના ઉપરોકત શેર સર્ટીફીકેટમાંથી કોઈજ ભાગ લેવો ન હોઈ તેઓ તેમનો કાયદેસરનો ભાગ જતો કરે છે અને ભવિષ્યમાં કયારેય પણ તે બાબતે કોઈ તકરાર ઉભી કરીશે નહી. તેવી ખાત્રી આપે છે અને તેમના ભાગે આવેલ હીસ્સો તેમના ભાઈ / દીકરા અરજદાર નં. ૧ પટેલ મુકેશભાઈ સોમાભાઈના નામે કરવામાં આવે તો અરજદાર નં. ૨,૩ અને ૪ નાને કોઈ વાંધો કે તકરાર નથી. જેથી વારસાઈ સર્ટીફીકેટ મેળવવા હાલની અરજ દાખલ કરેલ છે.

વધુમાં અરજ સબબ એવી દાદ દાખલ કરેલ છે કે, અરજદાર નં. (૧) પટેલ મુકેશભાઈ સોમાભાઈના નામે પેરા-(૨) માં જણાવેલ શેર સર્ટીફિકેટ ટ્રાન્સફર કરી આપે તેવું વારસાઈ સર્ટીફિકેટ આપવા સારુ હુકમ કરવા તેમજ યોગ્ય અને વ્યાજબી હરેક પ્રકારની દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨).. અરજદારોની અરજી રજુ થતાં તે ઉપર હુકમ કરી પ્રોસેસ ફી ભર્યેથી જાહેર નોટીસ ઈસ્યુ કરવા તેમજ અરજદારોએ બહોળી પ્રસિધ્ધ ધરાવતા દૈનિક પેપરમાં અરજી લગત વાંધા મંગાવવા માટે જાહેર નોટીસ છપાવવા માટેનો હુકમ કરવામાં આવેલ છે, તે મુજબ જાહેર નોટીસ દૈનિક સમાચાર પત્ર ''સંદેશ સમાચાર'' માં છપાવેલ છે જે આંક-૧૦ થી રજુ કરેલ છે. આમ, જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેરાત

કરાવેલ છે અને તે મુજબ દિન–૩૦ માં કોઈ વાંધાઓ રજુ થયેલ નથી જેથી કામ અરજદારોના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩).. અરજદારની અરજીમાં જણાવેલી વિગતો અંગે જાહેર પ્રસિધ્ધી દૈનિક સમાચાર પત્રમાં હુકમ કરવામાં આવેલો તે મુજબ જાહેર નોટીસ દૈનિક ''સંદેશ સમાચાર'' માં નોટીસ પ્રસિધ્ધ કરવા છતાં ૩૦ દિવસની અંદર અન્ય કોઈ વ્યકિત તરફે કોઈ વાંધાઓ કે તકરાર રજુ થયેલ નથી.

સદર કામે અરજદારોની આંક–૦૧ ની અરજના પેરા નં. ૨ માં જણાવ્યા મુજબ શેર સર્ટીફીકેટ અરજદાર નં. ૧ ના નામે ટ્રાન્સફર કરવા અંગેનું સકસેશન સર્ટીફીકેટ આપવા રજુઆત કરેલ છે.

(૪).. આ કામના અરજદાર નં.૧ પટેલ મુકેશભાઈ સોમાભાઈ નાએ આંક–૧૧ થી સોગંદ ઉપર સરતપાસ રજુ કરેલ છે. જયારે અરજદારો તરફે આંક–૦૭ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલા છે. જે તમામ દસ્તાવેજો ધ્યાને લેતાં અરજદાર નં. ૧ મરનાર પટેલ સોમાભાઈ શંકરદાસના કાયદેસરના વારસદાર છે. આમ હાલના અરજદાર નં. ૧ પટેલ મુકેશભાઈ સોમાભાઈ મૈયતના સીધીલીટીના વારસદાર છે. જેથી અરજદાર સીધીલીટીના વારસ હોય તેમણે માંગ્યા મુજબની દાદ મંજુર કરી વારસાઈ સર્ટીફીકેટ કાઢી આપવા અરજ કરેલી છે.

અરજદારોએ પોતાની અરજીની હકીકતોના સમર્થનમાં નિચે મુજબના આંક–૦૭ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

( ડૉ. ગંગા દત્ત શર્મા )
એડીશનલ સીનીયર સિવીલ જજ, વિસનગર

| અ.નં. | દસ્તાવેજની વિગત | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | પ્રાંત અધિકાર કચેરી વિસનગર રજીસ્ટ્રર કારકુન મામલતદાર કચેરી વિસનગરને બજેલ જાહેર નોટીસ | | ૦૫ |
| ૨ | કાંસા ગ્રામ પંચાયત કચેરીને બજેલ જાહેર નોટીસ | | ૦૬ |
| ૩ | પેઢીનામાની ઝેરોક્ષ | ૧૯/૦૧/૨૦૨૬ | ૦૯ |
| ૪ | નામદાર કોર્ટના હુકમ મુજબ અરજદારે સંદેશ સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ વાળા સંદેશ સમાચાર પત્રની અસલ આવૃતિ. | ૧૦/૦૧/૨૦૨૬ | ૧૦ |

ત્યારબાદ અરજદાર તરફે આંક-૧૫ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે.

(૫).. આમ, સદર અરજીના કામે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં પટેલ સોમાભાઈ શંકરદાસના નામે આવેલ અરજના પેરા-૨ માં જણાવ્યા મુજબ શેર સર્ટીફીકેટની વિગતો દર્શાવેલ છે. વધુમાં મૈયત પટેલ સોમાભાઈ શંકરદાસ તા. ૦૬/૦૭/૨૦૦3 ના રોજ મૈયત થયેલા હોઈ, આ કામના અરજદાર નં.૧ થી અરજદાર નં.૪ નાઓએ આંક- ૧૧ થી આંક-૧૪ સુધીના રજુ કરેલા સોગંદનામા તેમજ આંક-૦૯ થી રજુ થયેલ પેઢીનામાની ઝેરોક્ષ નકલ જોતાં અરજદારો મૈયતના કાયદેસરના વારસદારો છે. વળી, આ કામે આંક-૧૦ વાળી જાહેર નોટીસ દૈનિક સમાચાર પત્ર ''સંદેશ સમાચાર''માં નોટીસ પ્રસિધ્ધ કરવા છતાં તે સામે અન્ય

( ડૉ. ગંગા દત્ત શર્મા )
એડીશનલ સીનીયર સિવીલ જજ, વિસનગર

કોઈ ઈસમ તરફે વાંધાઓ રજુ થયેલા નથી. જેથી અરજદાર નં. ૧ ને માં ગ્યા મુજબનું વારસાઈ સર્ટીફીકેટ આપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. નામદાર કોર્ટમાં અરજદારોની અરજીની હકીકત વિરૂધ્ધ કોઈ ઈસમોએ કોઈ વાંધાઓ લીધેલ ન હોય, અરજદારો પૈકી અરજદાર નં.૧ ને માંગ્યા મુજબનું વારસાઈ સર્ટીફીકેટ કાઢી આપવુ ન્યાયોચિત જણાઈ આવતુ હોય જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર નં.૧ પટેલ મુકેશભાઇ સોમાભાઇ તે મરનાર પટેલ સોમાભાઈ શંકરદાસના કાયદેસરના વારસદાર હોઈ, મરનારના નામે અરજના પેરા–૨ માં જણાવ્યા મુજબ શેર સર્ટીફીકેટ અરજદાર નં.૧ ના નામે ટ્રાન્સફર કરવા માટેનુ કાયદેસર વારસાઈ સર્ટીફીકેટ **અરજદાર નં. ૧ પટેલ મુકેશભાઈ સોમાભાઈ** ના નામનું કાઢી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

(૩) કાયદા મુજબની કોર્ટ ફી ભર્યેથી વારસાઈ સર્ટીફીકેટ અરજદાર પટેલ મુકેશભાઇ સોમાભાઇના નામનું કાઢી આપવું.

ઉપરોકત હુકમ આજ તા.૦૫ મી મે સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : વિસનગર
તા.૦૫/૦૫/૨૦૨૬

**( ડૉ. ગંગા દત્ત શર્મા )**
**એડીશનલ સીનીયર સિવીલ જજ**
**વિસનગર**
**U.I.C.No.GJ-01360**

( ડૉ. ગંગા દત્ત શર્મા )
એડીશનલ સીનીયર સિવીલ જજ, વિસનગર